જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૨/૨૦૨૩ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૪૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૨૩૦ લીટર દેશી દારૂ, ૧૭૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૬૪ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૪,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૫૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ સમાચાર યાદી નં.૩૫૧/૨૦૨૩

**દાણીલીમડાઃ** તજમ્મુલઆલમ સ/ઓ તસ્નીમઆલમ તીરમીઝી (ઉ.વ.૩૦)(રહે.તીરમીઝી બંગ્લો રસુલાબાદ શાહેઆલમ રોઝા પાસે શાહઆલમ દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા શાહઆલમ એફ કોલોની તીરમીજી હાઈટ્સ દુકાન નંબર-૭ ખાતે આરોપી (૧) શાહીન વા/ઓ મોહમદકામીલ પરીયાણી અને (૨) મોહમદકામીલ સ/ઓ અબ્દુલમજીદ પરીયાણી (બંને રહે.અમન એપાર્ટમેન્ટ જે.પી.ચોક ખાનપુર) એ ભેગામળી તજમ્મુલઆલમને નોટરી રૂબરૂ ભાગીદારી કરાર કરી આપી વિશ્વાસમાં લઇ "ફૈઝ ટૂર એન્ડ ટ્રાવેલ્સ' ના બીઝનેસમા રૂપિયાનું રોકાણ કરાવાનું કહી તજમ્મુલઆલમ પાસેથી કુલ રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- મેળવી લઈ નફો નહી આપી તેમજ રોકાણ કરેલ રૂપિયા પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

## <u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ</u> <u>સમાચાર યાદી નં.૩૫૨/૨૦૨૩</u>

**નરોડાઃ** જીતેન્દ્રકુમાર શ્યામચરણ વિશ્વકર્મા (ઉ.વ.૪૪)(રહે.પંચવટીપાર્ક સોસાયટી વિનાયક પાર્ક સામે, ૧૦૦ ફુટ વિરાટનગર રોડ કમલભુજા પાર્ટી પ્લોટ સામે ઓઢવ) તા.૨૪/૦૨/૨૦૨૩ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે નરોડા-દહેગામ રોડ એચ.પી.પેટ્રોલપંપની બાજુમાં આવેલ “ફેક્ટરી આઉટલેટ” નામના કપડાના શો-રૂમ સામેથી પોતાનું મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ જીતેન્દ્રકુમારને છરો બતાવી બોલાચાલી ઝગડો કરી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૯૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીતેન્દ્રકુમાર વિશ્વકર્માએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**મણીનગરઃ** અંગીરાબહેન વા/ઓ અશોકભાઇ પટેલ (ઉ.વ.૫૮)(રહે.ગોપાલકુંજ સોસાયટી સરદાર પટેલ સ્કુલ સામે મણીનગર) તા.૨૧/૦૨/૨૦૨૩ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે જવાહર ચોક જય અંબે ફરસાણની ગલીમાં સુર્યનગર સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ અંગીરાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૧,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અંગીરાબહેન પટેલે તા.૨૪/૦૨/૨૦૨૩ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૩૫૩/૨૦૨૩</u>

**ઘાટલોડીયાઃ** દિલીપભાઇ લીલાધરભાઇ ભટ્ટી (ઉ.વ.૫૪)(રહે.સી.પી.નગર વિભાગ-૨, અર્જુન ટાવર પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૩ કલાક ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષકુમાર દલસંગભાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** પ્રવિણભાઇ ઉર્ફે કાળાભાઇ સ/ઓ ચેલાભાઇ પરમાર (ઉ.વ.૩૭)(રહે.અશોકા આવાસ યોજના, ઔડાના મકાનો, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી ગાંધીવાસ વિભાગ-૨ પંજાબીની ચાલી ખાતે આવેલ પોતાના બીજા ઘરે છતની એંગલ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ વિજયસિંહ ચલાવે છે.

**ખોખરાઃ** અર્પીતાબહેન ડો/ઓ એનિયસમેત્થીસ ક્રીશ્ચીયન (ઉ.વ.૩૨)(રહે.ઇશ્વરકૃપા એપાર્ટમેન્ટ ભાઇપુરા ખોખરા) એ બીમારીથી કંટાળી તા.૨૪/૦૨/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૩/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**રામોલઃ** હાર્દિકભાઇ જયંતિભાઇ પંચાલ (ઉ.વ.૨૯)(રહે. સ્વામિનારાયણપાર્ક વિભાગ-૪, દેવદર્શન ફ્લેટ પાસે, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૨૦૨૩ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી